


## સલામી સવારની..

વિદેશમાં જઇ પગ પસાર્યા, ત્યારે પૂછ્યું હતું?
ને કર્યો ત્યાં ઉભો અલગ ચોકો, ત્યારે પૂછ્યું હતું?
કર્યાં ખૂન, હત્યા, અનીતિ-અન્યાય, ત્યારે પૂછ્યું હતું?
વિસ્તારી સત્તા શ્રીલંકામાં જઇ, ત્યારે પૂછ્યું હતું?
(‘કરૂણા’નાં મગરનાં આંસુ)

## હાઇકુ

ખોતરી નાખી
જેલ તંત્રની શાખ -
ગુપ્ત સુરંગે
(‘પોલાણ’ વધ્યા જ કરે છે)

ચકલી નાની,
ને મહત્ત્વકાંક્ષા નો -
ફૈડકો મોટો..
(રાષ્ટ્રીય નેતા-સ્પેરો ડે)

## ચિંતન

**અનભ્યાસે વિષં શાસ્ત્રમજીર્ણે ભોજન વિષમ્ ।**
**દરિદ્રસ્ય વિષં ગોષ્ઠી વૃધ્ધસ્ય તરૂણી વિષમ્ ॥**

‘વ્યવહારિક જ્ઞાન વિનાનું શાસ્ત્રજ્ઞાન, જેની પાચનશક્તિ નબળી હોય તેને ભોજન, દરિદ્રી-ગરીબ વ્યક્તિની સાથે વાદ-વિવાદ-ચર્ચા અને વૃધ્ધ પુરૂષને માટે તરૂણી-યુવા સ્ત્રી - આટલાં ઝેર સમાન છે.’

‘શાસ્ત્રનું જ્ઞાન વ્યવહારોપયોગી હોવું જોઇએ. વ્યાકરણના સૂત્રો, બીજગણિત-ભૂમિતિના સૂત્રો-પ્રમેયો વ્યવહારમાં કયાં ઉપયોગી છે એની જાણ જ ન હોય તો એ પોપટિયું જ્ઞાન શું ખપનું?’

જેની પાચનશક્તિ નબળી હોય તે કંઇ પણ ખાય હેરાન-પરેશાન થઇ જાય છે એને સ્વાદનું સુખ તો નથી જ મળતું પણ ખોરાકમાંથી શક્તિ-તાકાત મળવાને બદલે ઉલ્ટું માંદગી-બિમારી-નબળાઇ આવી જાય છે.

નિર્ધન વ્યક્તિ કોઇ મેળા-પ્રસંગો-લગ્ન-સમારંભો કે બજારમાં ખરીદી કરવા જાય ત્યારે ગરીબી અને નિર્ધનપણાને કારણે એ કંઇ ખરીદી કરીને કે કોઇ ઉત્સવ-મહોત્સવમાં આનંદ-ઉલ્લાસથી માણી તો શકતી નથી પણ આવા પ્રસંગે એને વધારે હતાશા-નિરાશા આવતી હોય છે.

જયારે વયને કારણે પુરૂષનું પુરૂષાતન ઘટી જાય પણ મોહ-મમતા ઓછાં થતાં નથી, આવે સમયે આધુનિક ઉશ્કેરાટ માટેની દવાઓના ઉપયોગ શરીરને વધારે નચોવી લે છે અને શરીર વિશેષ કૃશ થઇ નિર્બળ બને છે. વ્યક્તિએ પોતાની ક્ષમતા-મર્યાદા સમજીને વાસનાઓથી અલિપ્ત રહેવું જોઇએ.

## સુવિચાર

- જો સુંદર ચહેરો ‘ભલામણપત્ર’ છે તો સુંદર હૃદય ‘વિશ્વાસપત્ર’ છે - **બુલવર**
- જ્ઞાની પુરૂષનું હૃદય અરિસા જેવું છે તે સામે આવેલી વસ્તુને દૂષિત કર્યા વિના, જેમની તેમ જ મુકી દે છે - **કન્ફયુશિયસ**
- આપણું હૃદય જયારે પ્રેમથી ભરેલું હોય ત્યારે સમગ્ર સૃષ્ટિ પ્રેમમય-આનંદમય લાગે છે - **ધૂમકેતુ**
- માનવીનું હૃદય જ તીર્થસમાન છે, એ જ મંદિર, મસ્જિદ, ગિરજાઘર, કાબા, કાશી અને જેરૂસલેમ છે - **નજરૂલ ઇસ્લામ**
- હૃદયને કોઇ ભાષા નથી હોતી, હૃદય-હૃદયથી વાત કરે છે - **ગાંધીજી**
- નિર્મળ હૃદયને કોઇ ભયભીત કરી શકતું નથી - **શેકસપિયર**
- મનને હજાર આંખ છે, હૃદયને એક - **ફ્રાંન્સિર**

## બોધ કથા

આજે આપણી રાષ્ટ્રીયતા-રાષ્ટ્રપ્રેમ અને દેશદાઝ મરી પરવાર્યા છે. આપણે વક્રદૃષ્ટા કે દોષદર્શી થઇ ગયા છીએ. બધાને ઘરમાં બીજાં સભ્યોનો, કુટુંબને સમાજનો, ગામને સરપંચનો, તાલુકાને રાજયનો અને રાજયોને કેન્દ્રનો દોષ દેખાય છે. કોઇ મદદ નથી કરતું, ગ્રાંટ નથી આપતું - સહકાર નથી મળતાની જ ફરિયાદ કરે છે. કોઇ પોતાની ફરજ નિષ્ઠા પૂર્ણ બજાવતું જ નથી. દરેક વ્યક્તિ બેદરકારી પૂર્વક જીવે છે - ઘરમાં અવ્યવસ્થા છે છતાં ગરબડ બહાર જ દેખાય છે.

એક ગામડાંમાં બાળકની પરીક્ષાની આગલી રાત્રે જ ઇલેક્ટ્રીક લાઇટ ગઇ. અંધારૂં થઇ ગયું. વિદ્યાર્થીનું વાંચવાનું સામાન્ય રીતે હોય છે તેમ ‘ઘણું બાકી હતું’ ઘરમાં ઉચાટ થઇ ગયો.

ફાનસ - તો હાથવગું હોય જ નહીં - ટોર્ચ બગડેલી હતી. મીણબત્તી દિવાળીની વધેલી હતી. પણ હવે અત્યારે કયાં હશે. દીકરી-પુત્રવધુ-જેઠાણી-સાસુ સૌ જુદાં જુદાં અનુમાન-સ્થળો કહેવા લાગ્યાં. એક કહે ‘સ્ટોરમાં હશે’ બીજી કહે દિવાળીનાં કોડીયાનાં ડબ્બામાં જૂઓ! વળી ત્રીજી કહે રંગોળીનાં રંગવાળા બોક્સમાં જૂઓ તો! સાસુ કહે - તારા પપ્પા ટપાલ ‘શીલ’ કરે છે એ ખાનામાં જો! આ શોધવામાં બાકસની બધી દિવાસળી પણ ખલાસ થઇ ગઇ! એકબીજા પર દોષારોપણ તો ચાલુ જ હતું! કોનો દોષ એ નક્કી થતું નો’તું. અવ્યવસ્થા જાહેર થઇ ગઇ હતી. ત્યાં લાઇટ આવી ગઇ!!

**સૌને આંતરખોજની તક આપી ગઇ.**
**આપણી ‘લાઇટ’ કયારે થશે?!**

# આજે વિશ્વ વન દિવસ કે વિશ્વ જળ દિવસ કે સ્પેરો ડે ઉજવવા પડતા હોય તો તે ગર્વની નહિ, શરમની નિશાની છે - ભૂલોનાં પ્રાયશ્ચિતરૂપે - ભૂલ સુધારવાની તક રૂપે ગોઠવવામાં આવેલી ઘટનાઓ છે, શું વિશ્વમાં વન સુરક્ષિત હોત તો, આવા કોઇ દિવસો ઉજવવાની નોબત આવત ખરી?

## કોફી હાઉસ

- ઉત્સવ પરમાર

## જિંદગી, જંગલ અને યુનિવર્સ : કિતાબે બહોત હૈ કિતાબોં કે બહાર

માણસનું મન બૌધ્ધિક ઉત્ક્રાંતિનાં ચરમ દોરમાંથી પસાર થઇ રહ્યું છે. મૂર્ખ બૌધિકતા અને બૌધ્ધિકતા મૂર્ખતાનાં વિરોધાભાસ વચ્ચે જીવન આગળ વધી રહ્યું છે. એક સિન્થેટિક માણસ પેદા થઇ રહ્યો છે... આહિસ્તા આહિસ્તા!! ઊગતા સૂરજને કદી ના જોયો હોય પણ ફેસબુક પર વારંવાર સનરાઇઝની તસ્વીરો મોડે સુધી જાગીને અપલોડ કરતો માણસ, મન મુકીને રડી ન શકતો ને ઇન્ટરનેટ પરથી આસું ડાઉનલોડ કરતો માણસ, જોક્સની વેબસાઇટો પર જઇ ઠંડા બરફ જેવું હસી લેતો માણસ, આંખોનાં ઇશારા ભૂલીને જાડા આંગળાઓની બેજાન જબાન બોલતો માણસ, દુનિયાભરનાં ઘોંઘાટ સાંભળવામાં પોતાની ભીંતરનો અવાજ ઓળખી ન શકતો માણસ... ઘટના વિનાનો માણસ, માણસ વિનાની ઘટના...!!

ઊંચા મકાનોનાં નાનો થઇ ગયેલો, દિમાગ ભરી દિલથી ખાલી થઇ ગયેલો, ડિસઇન્ફેકટન્સથી જ ઇન્ફેકટેડ થઇ ગયેલો - સાત હજાર રંગોનો બ્લેક એન્ડ વ્હાઇટ માણસ!!

ખરૂં કહું તો, ધરતીની ઉત્પત્તિનાં સાડા ચાર અબજ વર્ષોનાં ઇતિહાસમાં હોમો સેપિયન સેપિયન્સ કહેવાતા માણસનો તો દસ હજાર વર્ષોનો ફકરો માત્ર છે... સમયની સળગતી આગમાંથી બુઝાઇ જવા માટે ઝરેલો એક તણખો માત્ર!! પણ એ તણખાની ગરમી તો જુઓ... થર્મોમીટર આપું??

... ના સમજ હતો ત્યાં સુધી માણસ પ્રકૃતિનો એક હિસ્સો હતો અને જેવી સમજદારી ઊભી થઇ - એમ લાલચ પેદા થઇ - સ્વાર્થ પેદા થયા - અને માણસ પ્રકૃતિને પોતાનો હિસ્સો - પોતાનો ભાવ સમજવા માંડ્યો. પ્રકૃતિનાં સુગમ્ય સુંદર વર્તુળમાં ચોરસ અને ત્રિકોણ ગોઠવનાર પણ એ જ છે... આજે વિશ્વ વન દિવસ કે વિશ્વ જળ દિવસ કે સ્પેરો ડે ઉજવવા પડતા હોય તો તે ગર્વની નહિ, શરમની નિશાની છે - ભૂલોનાં પ્રાયશ્ચિતરૂપે - ભૂલ સુધારવાની તક રૂપે ગોઠવવામાં આવેલી ઘટનાઓ છે. શું વિશ્વમાં વન સુરક્ષિત હોત તો, આવા કોઇ દિવસો ઉજવવાની નોબત આવત ખરી? ચકલીઓ ઘરનાં માળાઓમાંથી અદૃશ્ય થવા લાગી એ પહેલાં કોઇએ ચકલીઓનાં વિશેષ દિવસ માટે વિચાર કર્યો ખરો? આપણે દંભનાં વિરોધાભાસો વચ્ચે કપાઇ - કપાઇને જીવી રહ્યાં છીએ. થોડા જ વર્ષોમાં જીવન એક પ્રક્રિયા નહિ પરંતુ બાયોલોજીકલ ઘટના જ બની રહે તો નવાઇ નહીં. શક્ય છે શબ્દકોશમાં તે વર્બ કે ક્રિયાપદમાંથી નાઉન કે નામનમાં રૂપાંતરિત પણ થઇ જાય!! અય જિંદગી...!!

... પણ ધરતીની જિંદગી આપણાથી ઘણી લાંબી છે - તેણે આખી જિંદગીમાં આપણી દિવાળીઓ કરતાં પણ વધારે ને વિનાશક ફટાકડા ફોડયા છે - તે વેલ્યુ ન્યુટ્રલ છે - મૂલ્ય તટસ્થ છે - માટી અને ધાતુનાં આ ઠોસ ટુકડાને તેનાં પર પાંગરતા જીવન સાથે કોઇ ખાસ લેવાદેવા નથી - તે તો આ બ્રહ્માંડને ત્યારથી જોતી આવી છે જયારે સિતારાઓનો - નવો - સવો જન્મ થઇ રહ્યો હતો - તેમાં માટે જીવન-મૃત્યુ એકસરખાં છે - પરંતુ ફરક આપણને પડે છે - આપણી આજુબાજુની સજીવસૃષ્ટિને બચાવી લેવાનાં આપણા પ્રયાસ અને અંતતઃ આપણી જાતને - હોમો સેપિયન સેપિયન્સને બચાવી લેવાનો પ્રયત્ન છે. બીજા જીવોને બચાવવાનાં આપણા પરંપરાવાદી નૈતિક વિચારો આત્મ સંતોષનો અન્ય માર્ગ છે - જે પ્રકૃતિ સંરક્ષણ તરફ લઇ જાય છે - વાસ્તવમાં જેને આપણે સસ્ટેનેબલ એનવાયરમેન્ટ કહીએ છીએ. તે અંતે તો “હ્યુમન કન્વિનિયન્ટ એન્વાયરમેન્ટ” અથવા “માનવોને અનુકૂળ પર્યાવરણ”નો હિપ્પોક્રેટીક અર્થ છે... પણ તેનો મતલબ એ પણ નથી કે ધરતીની સંવેદહીનતા જોતાં પ્રકૃતિ સંરક્ષણનાં વિચારને ઠુકરાવી દેવો, પરંતુ તેની અર્થછાયાઓ સમજવાની જરૂર છે, આમ તો “સંરક્ષણ” પોતે ભ્રામક શબ્દ છે - પ્રકૃતિને “સંરક્ષિત” કરી શકાય ખરી? કેમ કે પ્રકૃતિ તો સતત પરિવર્તનશીલ છે - જે તેનાં પરિવર્તનોને અનુકૂળ થતા ગયા તેઓ ઉત્ક્રાંતિનાં રસ્તા પર આગળ વધતા ગયા અને જેમણે જડતા બતાવી તે અવશેષ બની ગયા. કેટલાંય હિમયુગ જોઇ ચૂકેલો હોર્સ શૂ ક્રેબ હજી જીવે છે ને પ્રકૃતિનાં પરિવર્તન સામે ઝુકી ગયેલા ડાયનોસોર સાડા છ કરોડ વરસ જૂની ધૂળમાં સમાઇ ગયા...!! પ્રકૃતિનાં અંત એ આરંભ જેટલી જ મૌલિક ઘટના છે...!!

છેલ્લું વાક્ય ધ્યાન દઇને ફરી વાંચી જજો...!! કયા ખયાલ હૈ આપકા?

આપણો તમામ દૃષ્ટિકોણ જીયોસેન્ટ્રીક - પૃથ્વી કેન્દ્રિત છે અને વિશેષઃ માનવ કેન્દ્રિત આપણા બ્રહ્માંડનાં દૃશ્યજ્ઞાનથી માંડીને આપણા આંતરીક વિચારોનાં વિશ્વજ્ઞાન સુધી. આપણુ સમગ્ર જ્ઞાન-વિજ્ઞાન-વાદ-વિવાદ-સિદ્ધાંત તમામ - માણસનાં મનની રચના છે - આ માણસનાં નાક સૂંઘેલી - જીભે ચાખેલી - કાને સાંભળેલી - આંખે જોયેલી દુનિયા છે - વન ડાયમેન્શનલ - એક પક્ષીય - !! કદી વિચાર્યું છે કીડીઓની દુનિયામાં ગુરૂત્વાકર્ષણ અંગે કયો વિચાર હશે? માછલીઓ દરિયાનાં ખારા પાણીમાંથી બ્રહ્માંડને કઇ આંખે જોતી હશે? વૃક્ષો પ્રકાશસંશ્લેષણ વિશે કઇ સૈધ્ધાંતિક ચર્ચા કરતાં હશે? જીભનાં ફૂંફાડા વડે અંદાજો લેતા અને આંખો વડે ફક્ત ગરમી પારખતા સાપો પાસે દુનિયાનો નકશો કેવો હશે? ઘાસ શોધતાં હરણ અને હરણ શોધતાં સિંહની આંખે દુનિયા કેવી દેખાતી હશે? ... કિતાબે બહોત હૈ, કિતાબોં કે બાહર...!! ફક્ત તેની ભાષા સમજવી પડશે...!

સૂદૂર સૂર્યમંડળનાં છેડે પ્લુટોનાં બર્ફીલા આકાશમાંથી વાદળી ટપકાં જેવી દેખાતી નાનકડી પૃથ્વીમાં આપણાં મોટા દુઃખો અને નાના સુખો સમાઇ ગયા છે - આ વાદળી ટપકાંની ભીંતર જ કેટલું બધું થઇ ગયું? વરસાદ પડી ગયો - મહાસાગરો છકલાઇ ગયા, એમિનો એસિડ ધરાવતાં નાના બેકટેરિયા મહાકાળ જાનવરોમાં પલટાઇ ગયા, જવાળામુખી ધમધમી ઉઠ્યા ને હિમયુગનાં શિખરો સફેદ બરફ થઇ ગયા, ડાયનાસોર મરી ગયા - માણસો જીવી ગયા - તણખામાંથી આગ સળગી ગઇ, લાકડાનાં થડમાંથી પૈડા ફરી ગયા - કેટલાંક માણસ હિન્દુ થઇ ગયા - કેટલાંક મુસલમાનો ને કેટલાક ક્રિશ્ચિયન - ધરતીનાં કેટલાક ટુકડાઓ ભારત થઇ ગયા ને કેટલાંક પાકિસ્તાન થઇ ગયા. બહોત કુછ હો ગયા હજારો રંગો વેરાઇ ગયા... એક નાના વાદળી ટપકામાં...!! તમારી હથેળીમાં કયો રંગ છે?

પ્રકૃતિ પરિવર્તનશીલ છે. તેની યાત્રા સતત નિબોધ ચાલતી રહેવાની, આપણે પણ પ્રકૃતિની અનંત યાત્રાનો, એક ભાગ છીએ - પણ અંતિમભાગ નહીં...!! કુદરતનાં સર્વોચ્ચતા કે સુપ્રીમસી એ માણસનાં સામૂહિક ચેતન કે કલેકટવ કોન્શિયસનેસને ગમતો - ગર્વ સંતોષતો વિચાર છે - અને એટલે આપણને વ્હાલો છે... પણ કુદરત પોતે સર્વોચ્ચતામાં નહીં સમાનતામાં માને છે!! અને ગમે તેટલા અવરોધ મૂકો પણ જુરાસિક પાર્કમાં પેલો ડોસો કહે છે તેમ - લાઇફ ફાઇન્ડસ અ વે...

-ch9723367947@yahoo.com

# લોથલનું ખોદકામ કોના માર્ગદર્શન હેઠળ થયું હતું?

### ● વિષય : વિજ્ઞાન

(૧) ખનીજ તત્ત્વોનું શોષણ કરતી ફુગ કઈ છે?
(અ) માઈકોઝા (બ) અલાઈદા (ક) મલાઈઝા (ડ) વર્મી
(૨) બી.ટી. કોટનમાં શું ઉદ્‌ભવે છે?
(અ) કીટકનાશક પ્રોટીન (બ) કિટનાશક ચરબી
(ક) કિટનાશક સ્ટાર્ચ (ડ) કિટનાશક વિટામીન
(૩) જી.એમ. ફુડમાં કયું પ્રોટીન હોય છે?
(અ) જાડું પ્રોટીન (બ) ક્રિસ્ટલ પ્રોટીન
(ક) સાધારણ પ્રોટીન (ડ) સાદું પ્રોટીન
(૪) એન્થ્રેક્સ કોનાથી થાય છે?
(અ) ઓખાથી (બ) બાવળથી
(ક) બેસિલસ એથ્રેક્સિ (ડ) અમરવેલથી
(૫) લોથલનું ખોદકામ કોના માર્ગદર્શન હેઠળ થયું હતું?
(અ) ડૉ. એસ. આર. રાવ (બ) ડૉ. એસ. આર. પટેલ
(ક) ડૉ. વી.એસ. રાવ (ડ) ડૉ. આર. એમ. પટેલ
(૬) ભારત દેશનું કયું ચંદ્રયાન અભિયાન માનવયુક્ત હશે?
(અ) ચંદ્રયાન-૧ (બ) ચંદ્રયાન-૨ (ક) ચંદ્રયાન-૩ (ડ) ચંદ્રયાન-૪
(૭) રાષ્ટ્રીય હેરીટેજ પ્રાણી તરફથી પર્યાવરણ મંત્રાલયે કયા પ્રાણીને ‘હેરિટેજ પ્રાણી’ જાહેર કરેલ છે?
(અ) વાઘ (બ) સિંહ (ક) હાથી (ડ) મોર
(૮) DRDO દ્વારા કયું માનવરહિત વિમાનનું સફળ પરિક્ષણ વર્ષ ૨૦૧૦માં કરવામાં આવેલ છે, જે વિમાન યુએવીની ફલાઈટની સમીક્ષા કરવા માટે ઉપયોગી છે?
(અ) નિશાંત (બ) તેજસ (ક) ભીમ (ડ) અર્જુન
(૯) ખનીજક્ષાર સંપત્તિ પર દેખરેખ અને શોધ માટે મધ્ય હિન્દ મહાસાગરમાં પહેલી માનવરહિત સબમરીન કયા દેશે ઉતારી છે?
(અ) નેપાળ (બ) ભારત (ક) શ્રીલંકા (ડ) બર્મા
(૧૦) ‘બલસ્ય મૂલં વિજ્ઞાનમ્’ એ સૂત્ર કયા સંગઠનનું છે?
(અ) LIC (બ) DRDO
(ક) Airforce (ડ) CRPF
(૧૧) વિજ્ઞાન જગતના સામયિક ‘ધ લાન્સેટ’ના અહેવાલ મુજબ સમગ્ર વિશ્વમાં કયો દેશ ‘બાળમૃત્યુ દર’માં પ્રથમ ક્રમે આવે છે?
(અ) પાકિસ્તાન (બ) ભારત (ક) અફઘાનિસ્તાન (ડ) આફ્રિકા
(૧૨) ભારતનાં અવકાશ વિજ્ઞાનના ઈસરોનાં વર્તમાન વડા કોણ છે?
(અ) કે. રાધાકૃષ્ણન (બ) કે. રામાસ્વામી
(ક) જી. માધવન નાયર (ડ) એસ. ગોપાલન
(૧૩) કયા દેશનાં વિજ્ઞાનીઓએ એઈડ્‌ઝના વાઈરસનો કોયડો ઉકેલવાનો દાવો કર્યો છે?
(અ) અમેરિકા અને બ્રિટન (બ) ભારત અને ચીન
(ક) જાપાન અને સ્પેન (ડ) ઓસ્ટ્રેલિયા અને જર્મની
(૧૪) બ્રિટીશ તથા યુ.એસ. વૈજ્ઞાનિકોએ કેટલાં વર્ષનાં સંશોધન પછી એઈડ્‌ઝના વાઈરસનાં કોયડાને ઉકેલવાનો દાવો કર્યો છે?
(અ) ૨૫ (બ) ૩૦ (ક) ૧૦ (ડ) ૨૦
(૧૫) એઈડ્‌ઝનો રોગચાળો ફાટ્યો ત્યારથી કેટલા કરોડ લોકો તેનાથી મૃત્યુ પામ્યા છે?
(અ) ૧.૫ કરોડ (બ) ૧.૭ કરોડ (ક) ૨.૫ કરોડ (ડ) ૧.૮ કરોડ




### ● વિવિધા ●

**વિષય :- સાહિત્યકારોની ખ્યાતનામકૃતિઓ**

● વિદેશ વસવાટનાં સંભારણા : **જીતેન્દ્ર દેસાઇ** ● વિવેક અને સાધના : **કેદારનાથ** ● શર્વિલક : **રસિકલાલ પારેખ** ● શિયાળાની સવારનો તડકો : **વાડીલાલ ડગલી** ● શ્રેયાર્થીની સાધના : **નરહરિ પરીખ** ● વ્યક્તિ ઘડતર : **ફાધર વાલેસ** ● સત્યના પ્રયોગો : **ગાંધીજી** ● સરસ્વતીચંદ્ર : **ગોવર્ધનરામ ત્રિપાઠી** ● સમૂળી ક્રાન્તિ : **કિશોરલાલ મશરૂવાળા** ● સાવજ કથાઓ : **કનૈયાલાલ રામાનુજ** ● સાત એકાંકી : **તારક મહેતા** ● સુદામા ચરિત્ર : **નરસિંહ મહેતા** ● સોનાનો કિલ્લો : **સુકન્યા ઝવેરી** ● સાત પગલાં આકાશમાં : **કુંદનિકા કાપડિયા** ● સિધ્ધહેમશબ્દાનુશાસન : **હેમચંદ્રાચાર્ય** ● હિમાલયનો પ્રવાસ : **કાકા કાલેલકર**

### ● ગયા સપ્તાહનો સવાલ...?

**સવાલ - પાકિસ્તાનના વડાપ્રધાન તાજેતરમાં કયા ધાર્મિક સ્થળનાં દર્શન કરવા આવ્યાં હતા?**
**જવાબ - અજમેર શરીફ દરગાહ (ખ્વાજા મોઇનુદ્દીન ચિશ્તીની દરગાહ)**

### ● સાચો જવાબ આપનાર પત્રમિત્રો :-

(૧) નટુભાઈ દરજી : પેથાપુર
(૨) ઋજિત રાવલ : સે-૭ડી
(૩) મૂળજીભાઈ પરમાર ‘દધિ’ : સે-૭બી
(૪) મહેશ એમ. જાદવ : સે-૩૦
(૫) પંકજ આર. પ્રજાપતિ : ઉવારસદ
(૬) ગોમતીબેન કનુભાઈ પરમાર : સે-૫

### ● પૂછું એક સવાલ...?

(૧) પટેલ ધારા પી. : સે-૨૮થી
પ્રશ્ન - જમશેદજી તાતાનો જન્મ કયાં થયો હતો?
જવાબ - સુરત
(૨) નિનાદ પી. ઠક્કર : સે-૪થી
પ્રશ્ન - હેમચંદ્રાચાર્યનું સાંસારિક નામ શું હતું?
જવાબ - સિધ્ધાર્થ
(૩) મૌર્ય કેતકી એલ : સે-૧૪થી
પ્રશ્ન - ટાઈફોઈડના તાવમાં બેકટેરિયા શરીરના કયા ભાગ પર હુમલો કરે છે? જવાબ - આંતરડા પર
(૪) શાહ તન્મય એન : સે-૩થી
પ્રશ્ન - ઈન્ડિકા નામનું પુસ્તક કોણે લખ્યું હતું?
જવાબ - મેગસ્યનીસે
(૫) પરમાર કેતુલ એસ. : સે-૧૬થી
પ્રશ્ન - નળસરોવર પક્ષી અભ્યારણ્ય તરીકે કયા વર્ષમાં જાહેર થયું હતું?
જવાબ - ૧૯૬૯

(અનુસંધાન પાના નં. ૬ પર)

## અરવલ્લીની પર્વતમાળા

ભારતની સાત પર્વતમાળાઓમાં, ઉત્તર પશ્ચિમ ભારતમાં આવેલી અરવલ્લીની પર્વતમાળા વિશ્વભરની સૌથી પુરાતન પર્વતમાળા છે. હાલની અરવલ્લીની પર્વતમાળા એ તો પુરાણી ઐતિહાસિક પર્વતમાળાના અવશેષરૂપ જ છે. હજારો વર્ષો પહેલાં આ અરવલ્લીની પર્વતમાળાનાં ઘણાં શિખરો હિમાચ્છાદિત હતાં. અને અસંખ્ય હિમશીલાઓ હતી. આ હિમશીલાઓ આશ્ચર્યજનક રીતે બહુ જ મોટી હતી. અને ઘણી નદીઓનાં પાણી તેમાંથી આવતાં હતા. ત્યારે હિમાલય એ નાની પર્વતમાળા હતી.




- રેખા ભટ્ટ અને પૂજા ભટ્ટ


## વિચાર કરો

બાર કલાકના સમયગાળા દરમિયાન કલાક કાંટો અને મિનિટ કાંટો એકબીજાને કેટલીવાર ક્રોસ કરે છે?

બપોરના બાર વાગ્યાથી ગણતરી કરો અને એકદમ ઝડપથી ગણતરી કરો.

## હળવાશ

ટપ્પૂ : બેમાંથી બે જાય તો કેટલા રહે?
પપ્પૂ : કોઇ ઉદાહરણ આપને...
ટપ્પૂ : ધારે કે તારી થાળીમાં બે રોટલી પિરસાઇ અને તૂં બંને ખાઇ ગયો તો શું રહે?
પપ્પૂ : દાળ-ભાત અને શાક.



## બાળ મિત્રો,

હોળી - ધૂળેટી આવી રહી છે. ભલુ હશે તો ઘરમાં જાતજાતની પિચકારીઓ અને રંગ આવી ગયા હશે.

તમે જાણો છો તેમ હોળી એ રંગો અને કેસૂડાંથી રંગાઇ જવાનો તથા એકબીજાને પિચકારીથી રંગી દેવાનો અને આનંદ મનાવવાનો તહેવાર છે.

પરંતુ આજનાં જમાનામાં હોળીમાં વપરાતાં રંગો આનંદ ઉપજાવે તેવા નહીં પણ ઘાતક છે. આવા રંગોમાંથી લેડ ઓકસાઇડ, કોપર સલ્ફેટ, મર્ક્યુરી સલ્ફાઇડ, સીલિકા, એસ્બેસ્ટોસ જેવાં તત્ત્વો છૂટાં પડે છે. જેથી રંગો ચામડી સાથે એવા ચીપકી જાય છે કે ચાર દિવસ સુધી પીછો છોડતાં નથી. તહેવારના ઉત્સાહમાં આવા રંગોથી આંખ, નાક અને ચામડી જેવાં અંગો પર ઘાતક અસર થાય છે.

તો હોળીની મજા સજા ના બની જાય તેનું ધ્યાન રાખો. હોળી રમતા પહેલાં શરીરના ખુલ્લા ભાગ પર વેસેલિન, તેલ કે કોલ્ડ ક્રીમ લગાવો. તેલ લગાવવાથી રંગો ઓછા ચોંટશે.

કોશિશ કરો કે રંગો આંખોમાં ના જાય.

માટે ખૂબ સાવચેતીથી હોળી નો તહેવાર મનાવવાનું નક્કી કરો.

સૌને હોળી મુબારક.

## મારગ શોધો : કયે રસ્તે પાણી ભરવા જવું?




આ બાબાભાઇએ એમનાં મમ્મીએ બાલદી લઇને પાણી ભરી લાવવા મોકલ્યા છે. કૂવે પહોંચવાના ચાર રસ્તા છે. બાબાભાઇ વિચારે છે કે આમાંથી ટૂંકામાં ટૂંકો રસ્તો કયો? દોસ્તો, તમે બાબાભાઇને મદદ કરશો?

જવાબ : તમને ટૂંકામાં ટૂંકા રસ્તા ચાર કે ત્રણ લાગશે પરંતુ નવાઇની વાત એ છે કે લાંબામાં લાંબો દેખાતો રસ્તો - ૧ ટૂંકામાં ટૂંકો રસ્તો છે.